### બીજી યુવા ટેસ્ટ : પાનગઢિયાની સદી સાથે ભારતના 492 રન

ચેન્નાઈ : સૌરાષ્ટ્રના વિકેટકીપર બેટ્સમેન હરવંશ સિંહ પાનગઢિયાએ 11મા નંબરના બેટ્સમેન સાથે રમતા શાનદાર સદી ફટકારી અને ઓસ્ટ્રેલિયા સામેની બીજી યુવા ટેસ્ટના બીજા દિવસે મંગળવારે ભારતને 492 રન સુધી પહોંચાડ્યું. પાનગઢિયાએ 143 બોલમાં છ છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી 117 રન બનાવ્યા હતા. એક સમયે તે 45 રન પર હતો જ્યારે ભારતે ઝડપથી બે વિકેટ ગુમાવી દીધી હતી અને તે પછી તેની બેટિંગથી સ્કોર નવ વિકેટે 402 થયો હતો.

### સેઇલિંગ: ભારતીય જુનિયર ખેલાડીઓએ ઓમાનમાં સાત મેડલ જીત્યા

નવી દિલ્હી, તા. 08 : ભારતીય જુનિયર સેઇલિંગ એથ્લેટ્સે ઓમાનમાં ઇન્ટરનેશનલ રેગાટા મુસાના રેસ વીકમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને એક ગોલ્ડ, ચાર સિલ્વર અને બે બ્રોન્ઝ મળીને સાત મેડલ જીત્યા હતા. ભારતે ગર્લ્સની ઓપ્ટિમિસ્ટ ગર્લ્સ અંડર-15 કેટેગરીમાં પ્રભુત્વ જમાવતા શ્રેયા કૃષ્ણ લક્ષ્મીનારાયણ અને કોમરાવેલ્લી લહરીએ ટોચના બે સ્થાન મેળવ્યા હતા. શ્રેયાએ 28 પોઈન્ટના કુલ સ્કોર સાથે ગોલ્ડ જ્યારે કોમરાવેલીએ કુલ 50 પોઈન્ટના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. સિંગાપોરની ટોંગ જુઆન યાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

### શાંઘાઇ ઓપન : સિત્સિપાસે મુલરને હરાવ્યો, હવે મેદવેદેવ સાથે મુકાબલો

શાંઘાઈ, ઓક્ટો 8 (એપી) સ્ટેફાનોસ સિત્સિપાસે મંગળવારે શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટમાં એલેક્ઝાન્ડર મુલરને 6-3, 7-5થી હરાવ્યો, તેના કટ્ટર હરીફ ડેનિલ મેદવેદેવ સાથેની રોમાંચક ટક્કરનો પાયો નાખ્યો હતો. ગ્રીસના સિત્સિપાસ અને રશિયાનો મેદવેદેવ 14મી વખત આમને-સામને થશે. આ બંને ખેલાડીઓ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 13 મેચોમાં મેદવેદેવ 9-4થી આગળ છે. દરમિયાન, બેન શેલ્ટને રોબર્ટો કાર્બાલિસ બાએનાને 6-3, 6-4થી હરાવ્યો હતો. ચોથા રાઉન્ડમાં તેનો સામનો ટોચના ક્રમાંકિત યાનિક સિનર સામે થશે. અન્ય મેચોમાં, ટેલર ફ્રિટ્ઝે જાપાનના યોસુકે વાતાનુકીને 6-3, 6-4થી, ગ્રિગોર દિમિત્રોવે એલેક્સી પોપીરિનને 7-6, 6-3થી અને ગેલ મોનફિલ્સે ઉગો હમ્બર્ટને 7-6, 2-6 6-1થી હરાવ્યો હતો.

# આજે બીજી ટી-20 : ભારતનો ઈરાદો પ્રભુત્વ જાળવી રાખવાનો

**પ્રથમ ટી**-20માં નિરાશાજનક પ્રદર્શન કરનારી બાંગ્લાદેશની ટીમ સીરિઝ જીવંત રાખવાના ઇરાદે મેદાને પડશે

**સાંજે** 7.00 વાગ્યેથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્પોર્ટ્સ18 નેટવર્ક પર અને લાઇવ સ્ટ્રીમીંગ જિયો સિનેમા પર



નવી દિલ્હી, તા. 08 (પીટીઆઇ) : બાંગ્લાદેશ સામે પ્રથમ મેચમાં મોટી જીતથી ઉત્સાહિત ભારતીય ટીમ બુધવારે અહીં યોજાનારી બીજી ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. જ્યારે બાંગ્લાદેશની ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને ત્રણ મેચોની શ્રેણીને જીવંત રાખવાનો પ્રયાસ કરશે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે પ્રથમ મેચમાં જે રીતે પ્રદર્શન કર્યું તે જોતા મુલાકાતી ટીમ માટે આ સરળ કામ નહીં હોય.

ઋષભ પંત, અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહ જેવા મુખ્ય ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો હોવા છતાં, ભારતીય ટીમે ગ્વાલિયરમાં પ્રથમ મેચમાં જે રીતે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, તે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં તેની મજબૂત 'બેન્ચ સ્ટ્રેન્થ' દર્શાવે છે. ભારતીય વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન આ મેચમાં ચમકવા માટે આતુર રહેશે. 2015માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રવેશ કરનારો સેમસન તેના પ્રદર્શનમાં સાતત્યના અભાવને કારણે અંદર અને બહાર થતો રહ્યો છે.

સેમસન સામાન્ય રીતે મિડલ ઓર્ડરમાં બેટિંગ કરે છે પરંતુ પ્રથમ મેચમાં તેણે ઈનિંગ્સની શરૂઆત કરી અને 19 બોલમાં 29 રન બનાવ્યા. કેપ્ટન સૂર્યકુમાર પહેલા જ સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે સેમસન સીરિઝમાં આ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. પ્રથમ મેચમાં આસાન જીત નોંધાવનારી ભારતીય ટીમમાં કોઈ ફેરફારની શક્યતા નથી. ઝડપી બોલર મયંક યાદવ અને ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીએ પોતાની પ્રથમ મેચ રમીને ગ્વાલિયરમાં પોતાની અસર છોડી હતી. જ્યાં સુધી બાંગ્લાદેશનો સવાલ છે, જો તેણે શ્રેણીને જીવંત રાખવી હોય તો તેણે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપવું પડશે. પ્રથમ મેચમાં તેના બેટ્સમેનોએ ટીમને ઘણી નિરાશ કરી હતી.

# મહિલા ટી-20 વર્લ્ડકપ : શ્રીલંકા સામે મોટી જીત મેળવી રન રેટ સુધારવાનું ભારતનું લક્ષ્ય

**ભારતીય** મહિલા ટીમનું અત્યાર સુધીનું પ્રદર્શન મિક્ષ્ડ રહ્યું છે અને તેના બેટિંગ યુનિટનું પ્રદર્શન એટલું સારું રહ્યું નથી

**સાંજે** 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્ટોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ હોટ સ્ટાર પર



દુબઈ, તા. 08 (પીટીઆઇ) : બેટિંગ યુનિટના ખરાબ પ્રદર્શનને કારણે પ્રથમ બે મેચમાં મિક્ષ્ડ પરિણામો મેળવનાર ભારતીય ટીમ આવતીકાલે બુધવારે અહીં શ્રીલંકા સામે મહિલા ટી-20 વર્લ્ડકપની ગ્રુપ-એની મેચમાં મોટી જીત નોંધાવીને પોતાની રન રેટ સુધારવાનો પ્રયાસ કરશે. ભારતીય ટીમ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શકી નથી. તેઓ પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ સામે 58 રનથી હાર્યા પછી પાકિસ્તાન સામે 106 રનના લક્ષ્ય સુધી પહોંચવા માટે 18.5 ઓવરનો સમય લીધો હતો.

ટૂર્નામેન્ટમાં ભારતની અત્યાર સુધીની સૌથી મોટી સમસ્યા બેટરોનું ખરાબ પ્રદર્શન રહ્યું છે, ખાસ કરીને શેફાલી વર્મા અને વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના અત્યાર સુધી ટીમને સારી શરૂઆત અપાવી શક્યા નથી. શફાલીએ પ્રથમ બે મેચમાં બે અને 32 રન બનાવ્યા હતા, જ્યારે મંધાના માત્ર 12 અને સાત રન બનાવી શકી હતી. આ બંનેએ મધ્યમ ક્રમના બેટ્સમેનો પર દબાણ ઘટાડવા માટે સારું પ્રદર્શન કરવું પડશે.

અત્યાર સુધીની બે મેચમાં 15 અને 29 રન બનાવનાર કેપ્ટન હરમનપ્રીત કૌરનું ગરદનમાં ઈજાના કારણે શ્રીલંકા સામે રમવું શંકાસ્પદ છે જેના કારણે ભારતની મુશ્કેલીમાં વધુ વધારો થયો છે. હરમનપ્રીત પાકિસ્તાન સામેની છેલ્લી મેચમાં બેટિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થઈ હતી અને તેને ઈજાગ્રસ્ત થઈને રિટાયર થઈને પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. આવા સંજોગોમાં જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા અને રિચા ઘોષે બેટ સાથે વધુ જવાબદારી નિભાવવી પડશે. ભારતે શ્રીલંકા સામે રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે કારણ કે ગ્રુપની અંતિમ મેચમાં તેનો સામનો ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમ સાથે થશે.

## ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ કુસાલેના પિતાની માગ: મારા પુત્રને રૂ. 5 કરોડ અને ફ્લેટ મળવો જોઇએ

**બે કરોડના** પુરસ્કારને સ્થાને રૂ. પાંચ કરોડ અને પુણેના છત્રપતિ શિવાજી સ્પોર્ટસ કોમ્પલેક્સ પાસે એક ફ્લેટ પુત્રને આપવા સુરેશ કુસાલેની માગ

મુંબઈ, તા. 08 : પેરિસ ઑલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલિસ્ટ શૂટર સ્વપ્નિલ કુસાલેના પિતાએ મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેમના પુત્રને આપવામાં આવેલી રૂ. 2 કરોડની પુરસ્કારની રકમ પર નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે તેમનો પુત્ર વધુને લાયક છે. કોલ્હાપુરના 29 વર્ષીય સ્વપ્નિલ કુસાલે ઓગસ્ટમાં પેરિસ ઓલિમ્પિક ગેમ્સની શૂટિંગ સ્પર્ધામાં 50 મીટર રાઈફલ 3 પોઝિશન ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

તેના પિતા સુરેશ કુસાલેએ કહ્યું હતું કે તેના પુત્રને રૂ. પાંચ કરોડની ઈનામી રકમ અને પુણેના બાલેવાડીમાં છત્રપતિ શિવાજી મહારાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાસે એક ફ્લેટ મળવો જોઈએ. તેમણે કોલ્હાપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, હરિયાણા સરકાર તેના દરેક ઓલિમ્પિક્સ મેડલિસ્ટોને રૂ. 5 કરોડ આપે છે.

મહારાષ્ટ્ર સરકારની નવી નીતિ અનુસાર ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતાને 2 કરોડ રૂપિયા મળશે. એ ઉલ્લેખનીય છે કે હરિયાણા સરકાર ગોલ્ડ મેડલ જીતનારને 6 કરોડ રૂપિયા, સિલ્વર મેડલ વિજેતાને 4 કરોડ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ વિજેતાને 2.5 કરોડ રૂપિયા આપે છે. મહારાષ્ટ્ર સરકાર આ માટે અનુક્રમે રૂ. 5 કરોડ, રૂ. 3 કરોડ અને રૂ. 2 કરોડની ઈનામી રકમ આપે છે.

# પાકિસ્તાને મુલતાનમાં 556 રનનો પોતાનો સૌથી મોટો ટેસ્ટ સ્કોર બનાવ્યો

**શાન** મસૂદ અને અબ્દુલ્લા શફીક પછી આઠમા ક્રમે બેટિંગમાં આવેલા આગા સલમાને પણ સદી ફટકારી

**બીજા** દિવસના અંતે ઈંગ્લેન્ડનો સ્કોર 1 વિકેટે 96 રન, જેક ક્રાઉલીની અર્ધસદી, કેપ્ટન પોપ શૂન્યમાં આઉટ

મુલતાન, તા. 08 : અહીં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં આજે મંગળવારે બીજા દિવસે પોતાના પ્રથમ દાવમાં પાકિસ્તાને ત્રણ બેટ્સમેનોની સદીની મદદથી 556 રનનો સ્કોર બનાવ્યો હતો, જે મુલતાનમાં પાકિસ્તાનનો કોઈપણ ટીમ સામે સર્વોચ્ચ સ્કોર બન્યો હતો. બીજા દિવસના અંતે ઈંગ્લેન્ડનો સ્કોર એક વિકેટે 96 રન હતો. સ્ટમ્પ સમયે જેક ક્રાઉલી 64 અને જો રૂટ 32 રને રમતમાં હતા.



પાકિસ્તાને આજે 4 વિકેટે 328 રનથી દાવ આગળ ધપાવ્યા પછી નસીમ શાહ અને મહંમદ રિઝવાનની વિકેટ નજીકના ગાળામાં ગુમાવી હતી. તે પછી આઠમા ક્રમે બેટિંગમાં આવેલા આગા સલમાને જોરદાર બેટિંગ કરીને 119 બોલમાં 104 રનની ઈનિંગ રમીને પાકિસ્તાનને 556 રન સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પહેલા કેપ્ટન શામ મસૂદ અને અબ્દુલ્લા શફીકે પણ સદી ફટકારી હતી. જ્યારે સાદ શકીલે 88 રન કર્યા હતા. ઈંગ્લેન્ડ વતી જેક લીકે 3 જ્યારે એટકિન્સન અને કાર્સે 2-2 વિકેટ લીધી હતી.

| પાકિસ્તાન પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| શફીક કો.પોપ બો.એટકિન્સન | 102 | 184 | 10 | 2 |
| અયુબ કો.સ્મિથ બો.એટકિન્સન | 4 | 10 | 1 | 0 |
| મસૂદ કો.એન્ડબો.લીચ | 151 | 177 | 13 | 2 |
| બાબર LB બો.વોક્સ | 30 | 71 | 5 | 0 |
| શકીલ કો.રૂટ બો.બશીર | 82 | 177 | 8 | 0 |
| નસીમ કો.બ્રુક બો.કાર્સ | 33 | 81 | 1 | 3 |
| રિઝવાન કો.વોક્સ બો.લીચ | 0 | 12 | 0 | 0 |
| સલમાન નોટઆઉટ | 104 | 119 | 10 | 3 |
| જમાલ LB બો.કાર્સ | 7 | 10 | 0 | 0 |
| શાહીન આફ્રિદી બો.લીચ | 26 | 49 | 2 | 1 |
| અબરાર કો.ડકેટ બો.રૂટ | 3 | 8 | 0 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ (149 ઓવર્સમાં ઓલઆઉટ) | 556 | | | |

વિકેટપતન : 1/8, 2/261, 3/263, 4/324, 5/388, 6/393, 7/450, 8/464, 9/549, 10/556

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ક્રિસ વોક્સ | 23 | 5 | 69 | 1 |
| ગસ એટકિન્સન | 25 | 5 | 99 | 2 |
| બ્રેડન કાર્સ | 22 | 3 | 74 | 2 |
| શોએબ બશીર | 32 | 3 | 124 | 1 |
| જેક લીચ | 40 | 5 | 160 | 3 |
| જો રૂટ | 7 | 0 | 25 | 1 |

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ક્રાઉલી રમતમાં | 64 | 64 | 11 | 0 |
| પોપ કો.જમાલ બો.નસીમ | 0 | 2 | 0 | 0 |
| રૂટ રમતમાં | 32 | 54 | 2 | 0 |
| વધારાના | 0 | | | |
| કુલ (20 ઓવરમાં 1 વિકેટે) | 96 | | | |

વિકેટપતન : 1/4

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| શાહીન આફ્રિદી | 6 | 1 | 24 | 0 |
| નસીમ શાહ | 7 | 0 | 29 | 1 |
| અબરાર અહેમદ | 4 | 0 | 31 | 0 |
| આમેર જમાલ | 3 | 0 | 12 | 0 |



# મહિલા ટી-20 વર્લ્ડકપ : ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડને 60 રને હરાવ્યું

**ટોપ** ઓર્ડરમાં બેથ મૂનીની 40 અને એલિસ પેરીની 30 રનની ઇનિંગથી ઓસ્ટ્રેલિયાએ 148 રન બનાવ્યા

**મેગન** શટ અને અનાબેલ સધરલેન્ડે મળીને ન્યૂઝીલેન્ડનો 88 રનમાં વિંટો વાળી દીધો

**ન્યૂઝીલેન્ડની** રનરેટ માઇનસમાં જતી રહેતા ભારતની આશા બળવતર બની

શારજાહ, તા. 08 : મહિલા ટી-20 વર્લ્ડકપમાં આજે અહીં રમાયેલી ગ્રુપ એની એક મહત્વની કહી શકાય તેવી મેચમાં એમેલિયા કેરની આગેવાનીમાં ન્યૂઝીલેન્ડની બોલરોની સારી બોલિંગને કારણે ઓસ્ટ્રેલિયાની ટીમ સારી શરૂઆત છતાં 8 વિકેટે 148 રન જ બનાવી શક્યું હતું અને તેના પગલે મળેલા 149 રનના લક્ષ્યાંક સામે મેગન શટ અને અનાબેલ સધરલેન્ડે મળીને ન્યૂઝીલેન્ડનો 88 રનમાં વિંટો વાળી દેતા ઓસ્ટ્રેલિયાએ 60 રનથી જીત મેળવી હતી. આજની મેચ ન્યૂઝીલેન્ડ મોટા માર્જીનથી હારતા તેની નેટ રનરેટ -0.050 થતાં તે ત્રીજા સ્થાને સરકી ગયું હતું અને તેને પગલે ભારતની આશા બળવતર બની છે.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમને બેઠ મૂની અને કેપ્ટન એલિસા હિલીએ સારી શરૂઆત અપાવી હતી. હીલી જો કે 26 રન કરીને આઉટ થઇ તે પછી મૂની અને એલિસ પેરીએ બાજી સંભાળી હતી. મૂની જો કે તે પછી 40 રન કરીને અને પેરી 30 રન કરીને આઉટ થઇ હતી. આ પછી એકમાત્ર ફોબી લિચફિલ્ડ બે આંકડે પહોંચી શકી હતી અને બાકીની અન્ય બેટરો પાણીમાં બેસતા ઓસ્ટ્રેલિયા 148 રન સુધી સિમિત રહ્યું હતું. ન્યૂઝીલેન્ડ વતી એમેલિયા કેરે 4 જ્યારે રોજમેરી મૈર અને બ્રુક હેલીડેએ 2-2 વિકેટ ખેરવી હતી.

સુડોકુ ૬૩૦૩ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪ | | ૨ | | | ૬ | ૭ |
| ૬ | ૩ | | | ૫ | ૭ | | ૨ | |
| | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ | | |
| ૭ | ૪ | ૩ | | | ૯ | | ૮ | |
| ૨ | | ૧ | ૩ | | ૬ | | ૫ | |
| | | | ૮ | ૭ | | | ૩ | ૧ |
| | | | ૭ | | | | | |
| ૪ | ૧ | ૮ | ૬ | | | | | ૨ |
| | | ૭ | ૨ | | ૧ | ૬ | ૪ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**અનિંદ્રા**

એક ગ્રામ શેકેલી હિંગનું ચૂર્ણ બે ચમચી મધ સાથે ચાટવું તેનાથી ઊંઘ આવશે, અતિસાર, સંગ્રહણી મટે છે. વેંગણ બાફી 30g બાફેલા વેંગણ માં એટલુજ મધ નાંખી ખાવું.

# બાંગ્લાદેશી ઓલરાઉન્ડર મહમુદુલ્લાહની ટી-20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ

**મહમુદુલ્લાહે** બાંગ્લાદેશ વતી 139 ટી-20 ઇન્ટરનેશનલ મેચમાં 2395 રન બનાવવાની સાથે 40 વિકેટ લીધી છે



નવી દિલ્હી, તા. 08 (પીટીઆઇ) : બાંગ્લાદેશના અનુભવી ઓલરાઉન્ડર મહમુદુલ્લાએ મંગળવારે ટી-20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ જાહેર કરી છે અને ભારત સામેની વર્તમાન સીરિઝની ત્રીજી અને અંતિમ મેચ આ ફોર્મેટમાં તેની છેલ્લી મેચ હશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચોની સીરિઝની છેલ્લી મેચ શનિવારે હૈદરાબાદમાં રમાશે.

મહમુદુલ્લાહે ભારત સામેની બીજી T20 ઈન્ટરનેશનલની પૂર્વ સંધ્યાએ અહીં કહ્યું હતું કે હા, હું આ શ્રેણીની છેલ્લી મેચ બાદ ટી-20માંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. તે પહેલેથી જ નક્કી હતું. તેણે કહ્યું હતું કે આ ફોર્મેટમાંથી આગળ વધવાનો અને વનડે પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આ યોગ્ય સમય છે. 38 વર્ષીય ખેલાડીએ 2007માં ડેબ્યૂ કર્યા બાદ બાંગ્લાદેશ માટે 50 ટેસ્ટ, 232 વન ડે અને 139 ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. બાંગ્લાદેશના આ માજી કેપ્ટને પોતાની ટેસ્ટ કેરિયરને 2021માં તિલાંજલી આપી હતી.

### મહમુદુલ્લાની ક્રિકેટ કેરિયર આંકડાની નજરે

| ફોર્મેટ | મેચ | રન | સર્વોચ્ચ | એવરેજ | 100 | 50 |
|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 50 | 2914 | 150* | 33.49 | 5 | 16 |
| વન ડે | 232 | 5386 | 128* | 35.66 | 4 | 28 |
| ટી-20I | 139 | 2395 | 64* | 23.48 | 0 | 8 |
| ફર્સ્ટક્લાસ | 114 | 6557 | 152 | 35.63 | 14 | 32 |
| લિસ્ટ A | 359 | 9532 | 130 | 36.94 | 8 | 57 |
| ટી-20s | 330 | 5975 | 73 | 25.00 | 0 | 23 |

બોલિંગ કેરિયર

| ફોર્મેટ | મેચ | વિકેટ | શ્રેષ્ઠ | ઇકોનોમી | સ્ટ્રાઇક રેટ | 5 વિકેટ |
|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 50 | 43 | 5/51 | 3.43 | 79.6 | 1 |
| વન ડે | 232 | 82 | 3/4 | 5.22 | 53.0 | 0 |
| ટી-20I | 139 | 40 | 3/10 | 7.04 | 23.3 | 0 |
| ફર્સ્ટક્લાસ | 114 | 143 | 7/94 | 3.30 | 63.7 | 3 |
| લિસ્ટ A | 359 | 177 | 5/66 | 4.93 | 46.4 | 1 |
| ટી-20s | 330 | 133 | 3/6 | 7.01 | 21.5 | 0 |

### આજનું પંચાંગ

**તા. 09/10/2024, બુધવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** આસો
**તિથિ:** સુદ છઠ 12.15 સરસ્વતી આવાહન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 17
**નક્ષત્ર :** મૂળ 29.15 સુધીમાં જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
**યોગ:** સૌભાગ્ય **કરણ :** ગર
**રાશિ :** ધન (ભ.ધ.ફ.ઢ.)
**દિવસ :** સામાન્ય ગુરુ વક્રી 12.36થી
**સુરતમાં સૂર્યોદય :** 06:33 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:18
**નવકારસી :** 07:21
**પારસીવર્ષ:** 1394 ,અરદીબેહેસ્તમાસનો26મોરોજ
**મુસલમાન વર્ષ :** 1446, રબિઉલ આખર માસનો 5મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે 12:00 થી 13:30 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** નવા કામના સોદા કે કરાર થાય. બહારના કામમાં મદદ મળે. નવા રોજગારની પ્રાપ્તિ થાય.

**વૃષભ (બ.વ.ઉ.):** અચાનક ધન લાભ અને શુભ સમાચાર પ્રાપ્ત થાય. સત્સંગ, ધર્મ-કર્મથી શાંતિ મળે.

**મિથુન (ક.છ.ઘ.):** ભાગીદારો સાથે તાલમેળ રાખવો પડશે. ઘરમાં પણ ઘર્ષણ રહે. આવક વધશે.

**કર્ક (ડ.હ.):** વિરોધીઓ સાથે ઘર્ષણથી અશાંતિ પેદા થાય. નોકરીમાં કામનો બોજ વધે.

**સિંહ (મ.ટ.):** પ્રેમપ્રકરણોમાં આવેગ સતાવે. વિવાદ થાય. નવી નોકરીના યોગ બને. પ્રવાસ થાય.

**કન્યા (પ.ઠ.ણ.):** જમીન, સ્થાયી સંપત્તિ વગેરેના લે-વેચના સોદા થઇ શકે છે. બહારનાં કામ થાય.

**તુલા (ર.ત.):** પોતાના કામમાં વ્યસ્ત રહેવાનું બનશે. રચનાત્મક કામ પાર પડવાથી ઉત્સાહ વધે.

**વૃશ્ચિક (ન.ય.):** વરસાગત ધંધા વ્યવસાયમાં અચાનક તક મળે. ઘરમાં ઉત્સવ જેવું રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** મહેનતનું ફળ જોવા મળશે. અચાનક નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. પ્રવાસમાં ધ્યાન રાખવું.

**મકર (ખ.જ.):** હાથ પરના કામમાં અવરોધ આવશે. સમાજમાં અશાંતિ વધે. પ્રવાસ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વફાદાર મિત્રોનો લાભ મળે. સમાજમાં યશ મળે. સંતાનોનાં કામ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.):** નવા રોજગારની પ્રાપ્તિ થાય. નોકરીમાં પ્રભાવ વધે. આવક વધે.

### કોઇ પણ સાલમાં 09 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ અવાર-નવાર ચડતી-પડતી સાથે નવી તકો પૂરી પાડશે. સંઘર્ષ અને બોજ સાથે નવાં કામ મળતાં રહે. સમાજમાં નવી જવાબદારી આવે. કુટુંબ-પરિવારની અપેક્ષા વધે. ઘરના નાના સભ્યોને મદદ કરવી પડે. નવી ટેક્નોલોજી, નોકરી-ધંધા-વ્યવસાયમાં મદદરૂપ બને. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા ઘર, વાહન, મકાન, જાયદાદ, વારસા, જમીનને લગતા કામ વર્ષ દરમિયાન થતા રહે. વડીલો, મિત્રોને મદદરૂપ બનશો. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. આવક વધારવાની યોજના માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં પાર પડશે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અચાનક અશાંતિ-હરીફાઇ વધશે.

### શબ્દગુંફન - ૬૭૮૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. જાદુગર, મદારી (૫)
૪. પાણીનો કુંડ (૨)
૯. નમસ્કાર, પ્રણામ (૩)
૧૧. સેવક, દાસ (૩)
૧૩. સહાયક (૫)
૧૫. એક જાતની દાળ (૩)
૧૬. ન સમજાય એવું (૨)
૧૭. ભૂલ, ચૂક (૨)
૧૮. શ્વાસ (૨)
૨૦. નિર્ણય, ઉકેલ (૨)
૨૩. પોચું (૩)
૨૫. અંકુશ (૩)
૨૭. જંગલ (૨)
૨૮. સહાય, મદદ (૩)
૨૯. દુકાન, ગુજરી, બજાર (૨)
૩૦. પવન, વાર્તા (૨)
૩૧. મહેરાની, માન ભેટ (૪)
૩૩. એક સરખું સમાન (૪)
૩૫. આનંદ (૨)
૩૬. સુંદર સ્ત્રી

**ઊભી ચાવી**

૨. સિંહની ગર્જના (૩)
૩. બટન ઘાલવાનું નાકું (૨)
૫. માતા, મા (૩)
૬. તજી દીધેલું, વગરનું (૨)
૮. સીમા, મર્યાદા (૨)
૧૦. ડૂબેલું, લીન (૪)
૧૧. સુંદર, મનોહર (૨)
૧૨. બધે રખડયા કરનાર (૫)
૧૩. પુરુષ (૩)
૧૪. કૃપા, રહેમ (૨)
૧૯. ચિંતન (૩)
૨૦. સમાન વતન છે જેનું તે (૫)
૨૧. પ્રહાર ઝીલવાનું સાધન (૨)
૨૪. બ્રહ્માના માનસપુત્ર (૩)
૨૬. ગાનાર, ગવૈયો (૩)
૨૭. ટેક, આબરૂ (૨)
૨૯. હિંમત (૨)
૩૦. સુંદર સ્ત્રી (૨)
૩૧. દુશ્મન (૨)
૩૨. બૂમ, ચીસ (૨)
૩૩. શિક્ષા, દંડ (૨)
૩૪. દોરો, તંતુ (૨)


### અંકલેશ્વર નગરપાલિકા, અંકલેશ્વર
### ટેન્ડર નોટીસ

અંકલેશ્વર નગરપાલિકામાં નીચે મુજબના કામોનું ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઈન ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. આ ટેન્ડરો તા.૧૮/૧૦/૨૦૨૪ સુધી ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન સબમીટ કરવાના રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ તા.૨૩/૧૦/૨૦૨૪ સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.એ.ડી./સ્પીડપોસ્ટ થી મોકલવાના રહેશે. ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ડાઉનલોડ કરી શકાશે. તથા www.statetenders.gujarat.gov.in ઉપર જોઈ શકશો.

| અ.નં | કામનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | મંગલ મૂર્તિ પાર્ક-૨ ના ગેટ થી મેઈન રોડ, દીવા રોડ પર આવેલ ચેમ્બર સુધી ડ્રેનેજલાઈન નાખવાનુ કામ | ૧૭,૩૧,૯૮૭/- |
| ૨ | પીપળેસ્વર મહાદેવ મંદિરથી મસ્જીદ સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૨૪,૧૨,૨૦૦/- |
| ૩ | દાતારનગરમાં ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૧૫,૦૦,૮૮૧/- |
| ૪ | કાગદી તળાવ, સુરતી ભાગોળમાં ઇકબાલભાઇ ના ઘર પાસે થી સુરતી ભાગોળ પમ્પીંગ સ્ટેશન સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૮,૩૩,૫૬૧/- |
| ૫ | શ્રી દર્શન સોસાયટીમાં GEB ટ્રાન્સફોર્મર પાસેથી સોસાયટીના અંત ભાગ સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૮,૮૯,૮૭૦/- |
| ૬ | નિરાંતનગરની O&P શેરીમાં ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૭,૭૩,૨૧૭/- |
| ૭ | મમતા પાર્ક સોસાયટીના નાકે પાઈપ કલ્વટ અને નવરંગ સોસાયટીમાં ઈશ્વરભાઈ પાટીલના ઘરથી પ્યારેલાલના ઘર સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૬,૧૮,૪૧૧/- |
| ૮ | કુસુમહરવાડીમાં ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૯,૯૪,૦૧૬/- |
| ૯ | નવીનગરીમાં ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૨૦,૩૫,૩૩૮/- |
| ૧૦ | ઉન્નતીનગર મેલડીમાતાના મંદિર પાસેની ગલીમાં બોક્સ ડ્રેઈન બનાવવાનું કામ | ૫,૯૪,૨૪૧/- |
| ૧૧ | ગંગા જમના પાણીની ટાંકી પાસે ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૧૦,૩૫,૪૧૩/- |
| ૧૨ | તાડફળિયા મસ્જીદથી કંચન ચા સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૧૬,૨૦,૦૦૧/- |
| ૧૩ | જલારામ સોસાયટીના ગેટ પાસે આવેલ ચેમ્બર થી બીજા ચેમ્બર સુધી ડ્રેનેજલાઈન નાખવાનું કામ | ૧,૨૫,૫૦૨/- |

(કેશવલાલ એમ. કોલડિયા) ચીફ ઓફીસર
(નીલેશકુમાર આર. પટેલ) કારોબારી ચેરમેન
(લલીતાબેન બી. રાજપુરોહિત) પ્રમુખ

માહિતી/ભરૂચ/૩૫૧/૨૦૨૪